ગાંધીનગર સમાચાર

## ભાજપા સફાઈ કામદાર સેલની પ્રદેશ કારોબારી શ્રી કમલમ્ ખાતે મળશે

ગાંધીનગર, તા. ૩૧

ભાજપાના સફાઈ કામદાર સેલના કન્વીનર શ્રી સુનીલભાઈ સોલંકીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ભાજપાના સફાઈ કામદાર સેલની પ્રદેશ કારોબારીની બેઠક તા. ૧ સપ્ટેમ્બરના રોજ સવારે ૧૧.૦૦ કલાકે શ્રી કમલમ્ ખાતે આગામી ચૂંટણીઓ તેમજ સંગઠનાત્મક બાબતોની ચર્ચા માટે મળશે.

આ બેઠકમાં ભાજપાના પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણિયા, રાજ્યના મંત્રીમંડળના સભ્ય શ્રી રમણલાલ વોરા, વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી આત્મારામભાઈ પરમાર અને વિવિધ સેલના પ્રદેશ સંયોજક શ્રી ડૉ. અનિલભાઈ પટેલ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે.

## પ્રાંતિજ પાસે અકસ્માતમાં ઘવાયેલ ઈસમનું સારવાર દરમિયાન મોત

પ્રાંતિજ, તા. ૩૧

પ્રાંતિજ ટોલટેક્ષ પાસે બાઈક અને કાર વચ્ચે અકસ્માતમાં બે બાઈક સવારને શરીરે ગંભીર રીતે ઈજાઓ થતાં હિંમતનગર બાદ અમદાવાદ વધુ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં એક બાઈક સવારનું સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ કતપુર ટોલટેક્ષ પાસે શનિવારના રોજ મોડી સાંજે બાઈક અને કાર વચ્ચે અકસ્માત થતાં બાઈક ઉપર જઈ રહેલ સુનીલ સોલંકી તથા બહાદુરસીંગ બન્નેને શરીરે ગંભીર ઈજાઓ થતાં તેમણે પહેલા પ્રાંતિજ તથા હિંમતનગર અને બહાદુરસીંગને અમદાવાદ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સિવિલમાં બહાદુરસીંગ ઉર્ફે કાળુસિંગ રહે. નેપાળ હાલ પ્રાંતિજ જેવોનું સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું. જ્યારે બહાદુરસીંગ તેની પત્ની સાથે રહેતો હતો જ્યારે તેમના વતન નેપાળના અછામ જિલ્લાના તેના ગામમાં તેમના પરિવારમાં જાણ કરવામાં આવી હતી.



**યુનિક-યુ સ્કૂલ ઈડરનો વિવિધ રમતોમાં સુંદર દેખાવ**

યુનિક્યુ સ્કૂલ બાળકોના સર્વાંગી વિકાસ માટે રમતગમતને વિશેષ પ્રાધાન્ય આપે છે. કૃહ સ્પોટ્ર્સ પ્રોફેશનલ સ્પોટ્ર્સનું કોચિંગ આપતી કંપની ધ્વારા સ્કૂલના વિધાર્થીઓને પધ્ધતિસરનું સ્પોટ્ર્સનું કોચિંગ અપાઈ રહ્યું છે. પરિણામ સ્વરૂપે તાજેતરમાં યોજાયેલ વિવિધ રમતોમાં બાળકોએ આ રીતે નોધપાત્ર દેખાવ કરેલ છે. જિલ્લા કક્ષાએ અન્ડર ૧૪ માં પસંદગી પામેલ વિધાર્થીઓ (૧) ચૌધરી દેવ (૨) પટેલ હેપ્પી (૩) મોમણ આજીમઅલી ઉપરાંત રાજય કક્ષાએ અન્ડર૧૪ કબડ્ડીમાં પસંદગી પામેલ વિધાર્થી પટેલ દેવ, જિલ્લા કક્ષાએ ખોખોમાં પસંદગી પામેલ (૧) દેસાઈ પ્રાચી (૨) ચૌધરી હેપ્પી અને ૧૦૦મી. દોડમાં તાલુકા કક્ષાએ પ્રથમ દેસાઈ પ્રાચી અને ૨૦૦મી. દોડમાં તાલુકા કક્ષાએ દ્વિતિય કવન પટેલ. આ યુનિક્યુ સ્કૂલના બાળકો અને ખાસ કોચિંગ આપનાર વિરમભાઈ અને રાજેશભાઈને ખૂબ ખૂબ અભિનંદન. (જીતેન્દ્ર પટેલ, ધનસુરા)

### ઓનલાઈન અરજી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફેરબદલ કરવામાં આવ્યા છે. જે મુજબ હવેથી ગેટની પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓ કેલક્યુલેટરનો ઉપયોગ કરી શકશે નહીં, વિદ્યાર્થીઓને પરીક્ષા દરમિયાન માત્ર ઓનલાઈન વર્ચ્યુલ કેલક્યુલેટરનો જ ઉપયોગ કરવાની મંજૂરી આપવામાં આવશે. વિદ્યાર્થીઓ આ વર્ચ્યુલ કેલક્યુલેટરની પરીક્ષા પહેલા ગેટ-૨૦૧૬ની વેબસાઈટ પર ઓનલાઈન પ્રેક્ટીસ પણ કરી શકશે. આ ઉપરાંત આ વખતે ગેટની પરીક્ષામાં પેટ્રોલીય એન્જિન્યરીંગનું એક વધારાનું પેપર પણ દાખલ કરવામાં આવ્યું છે. જે સાથે આ વખતે પેપરોની સંખ્યા વધીને ૨૩ પર પહોંચી છે. ગુજરાતમાં ગેટની પરીક્ષા ચાર સેન્ટરો ખાતે યોજવામાં આવશે જેમાં અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટનો સમાવેશ થાય છે.

### ભાવમાં પુનઃ ઘટાડો

● અનુસંધાન પહેલાનું ચાલુ

રૂપિયાનો ઘટાડો કર્યોહતો. ત્યારે હવે ફરીથી પેટ્રોલ-ડિઝલના ભાવ ઘટાડવામાં આવ્યા છે. આ નવા ઘટાડા સાથે અમદાવાદમાં પેટ્રોલના ભાવ ૬૦.૭૧ રૂપિયા પ્રતિ લીટર થઈ ગયા છે. જ્યારે ડિઝલના ભાવ ૪૭.૬૦ રૂપિયા પ્રતિ લીટર થઈ ગયા છે. જ્યારે સુરતમાં પેટ્રોલનો નવો ભાવ ૬૦.૭૪ રૂપિયા પ્રતિ લીટર અને ડિઝલનો નવો ભાવ ૪૬.૯૦ રૂપિયા પ્રતિ લીટર થવા પામ્યો છે. રાજકોટમાં પેટ્રોલનો નવો ભાવ ૬૦.૦૮ રૂપિયા પ્રતિ લીટર અને ડિઝલનો નવો ભાવ ૪૬.૮૮ રૂપિયા પ્રતિ લીટર થવા પામ્યો છે. આ ઉપરાંત વડોદરામાં પેટ્રોલનો નવો ભાવ ૫૯.૯૪ રૂપિયા પ્રતિ લીટર થયો છે. જ્યારે ડિઝલનો ભાવ ૪૬.૬૩ રૂપિયા પ્રતિ લીટર થયો છે. ઉલ્લેખનીય છે કે, આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ હજુ પણ વધુ ઘટે તેવી શક્યતા વ્યકત કરાઈ રહી છે. અત્યારસુધી ક્રૂડ ઓઈલના ભાવમાં ૩૩ ટકાથી વધુનો કડાકો નોંધાઈ ચુક્યો છે. વિશ્વમાં ક્રૂડની માંગ કરતા ઉત્પાદન વધ્યું છે જેના કારણે ભાવમાં ઘટાડો નોંધાશે.

### સુપ્રીમનો સ્ટે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સુનાવણી હાથ ધરાઈ હતી. જે સુનાવણી દરમિયાન જૈન સમુદાય દ્વારા હાઈકોર્ટના સંથારા પ્રથા ઉપર પ્રતિબંધ મુકતા નિર્ણયને ગેરકાયદેસર જાહેર કરવા વિનંતી કરવામાં આવી હતી. આ સંસ્થાએ દાવો કર્યો હતો કે રાજસ્થાન હાઈકોર્ટે જૈન ધર્મના મૂળભૂત સિદ્ધાંતો અને તેના આધારભૂત દર્શનને ધ્યાનમાં લીધા વગર આ આદેશ જાહેર કર્યો છે. ઉલ્લેખનીય છે કે, રાજસ્થાન હાઈકોર્ટે ગત ૧૦ ઓગસ્ટના રોજ સંથારાને ગેરકાયદે ગણાવીને આને આઈપીસીની કલમ-૩૦૬ અને ૩૦૯ અંતર્ગત પ્રતિબંધ મુક્યો હતો. તેમજ સંથારા પ્રથાનું અમલ કરનાર સામે દંડનાત્મક કાર્યવાહીનો આદેશ આપ્યો હતો. હાઈકોર્ટે આ પ્રથાને આત્મહત્યાના પ્રયત્ન તરીકે ઓળખાવી હતી અને પોતાના શિષ્યોને સંથારા પ્રથા માટે પ્રોત્સાહિત કરવાના મામલાને આત્મહત્યા માટે પ્રેરીત કરવા સમકક્ષ અપરાધ ગણવાની જાહેરાત કરી હતી.

# શ્રાવણે અરવલ્લી-સાબરકાંઠાના શિવાલયોમાં ભક્તોનો ભારે ધસારો

## રાયગઢ ગામે અઢી લાખ રૂદ્રાક્ષનું અનોખુ શિવલીંગ દર્શનાર્થીઓ ઉમટ્યા



(જય અમીન, મોડાસા)

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં શ્રાવણ માસમાં શિવભક્તોમાં ભગવાન શિવને રીઝવવા માટે અનેરો થનગનાટ જોવા મળી રહ્યો છે. બન્ને જિલ્લાના શિવમંદિરોમાં નવા નવા શણગાર સજાવવામાં આવે છે. શિવમંદિરોમાં અનેક પ્રકારના શિવાલયો શ્રાવણ માસ દરમિયાન નિર્માણ કરવામાં આવે છે. શામળાજી-હિંમતનગર હાઈવે પર આવેલા રાયગઢમાં આવેલા વૈજનાથ મહાદેવ મંદિર ખાતે અઢી લાખ રૂદ્રાક્ષનું અનોખુ શિવલીંગ બનાવવામાં આવ્યું છે. મહાદેવ અને શિવલીંગના દર્શનાર્થે ભક્તોનો ભારે ધસારો રહ્યો હતો.

શામળાજી-હિંમતનગર હાઈવે પર રાયગઢના વૈજનાથ મહાદેવ મંદિરમાં ૨,૫૧,૦૦૦ રૂદ્રાક્ષમાંથી શિવલીંગ બનાવાતા ઉત્તર ગુજરાતનું અલૌકિક શિવલીંગ તરીકે સ્થાન પામ્યું છે. પવિત્ર શ્રાવણ માસના દર સોમવારે ૧૦૮ દિવાની આરતી યોજાય છે. મહાશિવલીંગના દર્શન માટે દૂર દૂરથી શિવભક્તો મોટી સંખ્યામાં ઉમટી રહ્યા છે. મંદિરમાં નાસિક-બનારસથી પાંચમુખી રૂદ્રાક્ષ લાવી ૨,૫૧,૦૦૦ રૂદ્રાક્ષમાંથી વિશાળ શિવલીંગ તૈયાર કરવામાં આવ્યું છે. ગ્રામજનો અને શિવભક્તોના જણાવ્યા અનુસાર આ અલૌકિક શિવલીંગ બનાવવા માટે ૧૫ દિવસથી વધુનો સમયની સાથે આ મહાશિવલીંગના નિર્માણ પાછળ રૂ. ૨ લાખથી વધુનો ખર્ચ થયો છે.

### પવિત્ર માસ શ્રાવણમાં બિલીપત્રોનું વિનામુલ્યે વેચાણ : ભક્તો યથાશક્તિ મુજબ રૂપિયા આપે છે



પવિત્ર શ્રાવણ માસમાં જેના વગર શિવજીની પૂજા અધુરી ગણાય એવા બીલીપત્ર દ્વારા કેટલાક પરિવારો વેચી આજીવિકા મેળવતા હોય છે. શિવમંદિર બહાર રૂપિયા ૨ થી ૧૦ની ટોપલીમાં બિલીપત્ર મળતા હોય છે. ત્યારે મોડાસાના ગેબીનાથ મહાદેવ મંદિરના પરિસરમાં એક યુવાન દ્વારા આજુબાજુના જંગલોમાંથી બીલીપત્ર એકત્રીત કરી વિના મૂલ્યે શિવભક્તોને આપવામાં આવે છે. શિવભક્તો યુવાનની ટોપલીમાંથી બિલીપત્રો મેળવી શિવજીની આરાધના કરી ધન્યતા અનુભવે છે. શિવભક્ત આ યુવાનની અનેરા શિવભક્તીથી પ્રભાવિત થઈ યથાશક્તિ મુજબ ટોપલીમાં રૂપિયા રાખી દેતા હોય છે.

### એએમટીએસ બસ-બાઈક વચ્ચે અકસ્માતમાં બેના મોત

શહેરના દાણીલીમડા વિસ્તારમાં એએમટીએસ બસે બાઈકને અડફેટે લેતા એક્સ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાંબાઈક પર સવાર બેશખ્સો ને ગંભીર ઈજા પહોંચી હતી જેમને સારવાર અર્થે એલ જી હોસ્પિટલ ખસેડવામાંઆવ્યા હતા. જેમાં સારવાર દરમિયાન બંને યુવાનોનું મોત નિપજ્યુ હતું. આ ઘટના બનતા રોષે ભરાયેલા લોકો બસના કાચ તોડ્યા હતા અને ડ્રાઈવરને ઢોર માર માર્યો હતો. આ અંગે મૃતકના પિતાએ દાણીલીમડા પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાવી હતી. શહેરનાં ચંડોળા વિસ્તારમાં આવેલા સલેમાન મસ્જીદ બીઆરટીએસ રૂટ પર રાત્રે ૯:૩૦ વાગ્યે બાઈક સવાર શેર અલી ઉર્ફે સન્ની રહે. મ.ન.૨૩ સીમરન-રો-હાઉસ પાસે બેરલ માર્કેટ દાણીલીમડા ઉર્ફે અરબાઝ (ઉ.વ. ૧૮)નાઓ પસાર થઈ રહ્યા હતા. તે દરમ્યાન બીઆરટીએસ રૂટ પર પુરપાટે આવેલી એએમટીએસ બસ નં.જીજે ૧ બીવી ૫૫૮૯ બંને યુવાનોને અડફેટે લીધા હતા. આ અકસ્માતમાં બંને યુવાનોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ગંભીર ઈજાઓને કારણે બંને યુવાનોને સારવાર અર્થે એલ જી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

### ઈંટવાડાઓ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઔદ્યોગિક અને રહેણાંક તેમજ કોલ્ડ સ્ટોરેજ માટે બીન કેતીની મંજૂરી માંગવામાં આવી હતી પરંતુ ઓ.એન.જી.સી., વીજકંપની, નાયબ કલેક્ટર (જ.સુ.) દ્વારા અભિપ્રાયો સમયસર રજુ ન થયાનું જણાયું છે. આમ સામાન્ય સભામાં જમીનના પ્રકરણો જ છવાયેલા રહેશે. જો કે અભિપ્રાયો આપવામાં સમયમર્યાદા નહિ જાળવનારા પ્રભાગો સામે નારાજગી વ્યક્ત કરવામાં આવશે તેમ રાજકીય પક્ષોના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળી રહ્યું છે.



### પાલનપુરમાં મૃતક પોલીસકર્મીના પરિવારને બનાસકાંઠા પોલીસે ૧૧ લાખનો ચેક અર્પણ કર્યો

પાલનપુર શહેર પ્રશ્ચિમ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા ડ્રા. પો. કોન્સ. અબ્દુલખાન નથ્થેખાન નાગોરીનુ તા.૨૮/૮/૨૦૧૫ ના રોજ ફરજ દરમ્યાન આકસ્મિક દુખદ અવસાન જતાં બનાસકાંઠા પોલીસ પરીવાર તરફથી ફાળો એકત્રિત કરીને તેમના વારસદારને આજરોજ પોલીસ અધિક્ષક ચિરાગ કોરડીયા (IPS) બનાસકાંઠા પાલનપુરનાઓએ આર્થિક સહાય પેટે રૂ.૧૦,૦૦,૦૦૦/(દશ લાખ) તેમજ બંધુત્વ સહાય પેટે રૂ.૧,૦૦,૦૦૦/(એક લાખ) આમ કુલ રૂ.૧૧,૦૦,૦૦૦/(અગિયાર લાખ) નો ચેક અર્પણ કરેલ છે.

### વય નિવૃત્ત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ઉપરાંત પેટા વિભાગ નં-૧૮ના નાયબ કાર્યપાલક ઈજનેર વી આર સુથાર પણ આજે વયનિવૃત થતા કર્મચારીઓએ તેમને પુષ્પગુચ્છ આપી શુભેચ્છાઓ પાઠવી હતી. તેઓ મિકેનિકલ સબ ડિવિઝન તેમજ સબ ડિવિઝન-૧૨ નો ચાર્જ પણ સંભાળતા હતા.

જયારે શહેરના નવા સેકટરોમાં પાણી પુરવઠો પુરો પાડવાની જવાબદારી પણ તેમના શીરે હતી.માર્ગ મકાન વિભાગમાં ૩૮ વર્ષની સેવાઓ બાદ આજે તેઓ વયનિવૃત થયા હતા. જયારે ડિવિઝન-૧માં પેટાવિભાગ-૨૦માં ડેપ્યુટી એન્જીનિયર તરીકે ફરજ સંભાળતા આર એસ પટેલ પણ આજે વય નિવૃત થયા હતા. ખેડબ્રહ્માથી બદલી થયા બાદ તેઓને પેટા વિભાગ-૨૦ માં ચાર્જ સોંપવામાં આવ્યો હતો. વિભાગના ડેપ્યુટી એન્જીનિયર બી જી અજવાળિયા પણ આજે વયનિવૃત થતા તેમને પણ વિદાય આપવામાં આવી હતી. પાટનગર યોજના ભવનના વય નિવૃત અધિકારીઓની ફરજ નિષ્ઠાને કર્મચારીઓએ બિરદાવી હતી. પાટનગર યોજનામાં મેન પાવરનો આમ પણ અભાવ છે. ત્યારે અધિકારીઓની નિવૃતિના લીધે વિવિધ ડિવિઝનલ કચેરીઓમાં ખાલીપો જોવા મળી રહયો છે. આગામી દિવસોમાં આ જગ્યાએ કાયમી નિમણુંક નહી કરવામાં આવે તો વહીવટી કામગીરીમાં પણ વિપરિત અસર થશે.

## વાંટડા ગામે સ્કૂલવાને બાઈકચાલકને અડફેટે લેતા ઘટનાસ્થળે મોત

મોડાસા, તા. ૩૧

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના વાંટડા ગામની સીમમાં હિંમતનગર-ઉદેપુર હાઈવે પર ટોલપ્લાઝાની નજીક સોમવારે વહેલી સવારે સ્કૂલવાન અને બાઈક સામ સામે ટકરાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈકચાલકનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. સ્કૂલવાન ચાલક વાન ઘટનાસ્થળે મુકીને ફરાર થઈ ગયો હતો. મોડાસા રૂરલ પોલીસે અક્સ્માતે મોતનો ગુન્હો નોંધી ફરાર સ્કૂલવાન ચાલકને ઝડપી પાડવા કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

મોડાસા તાલુકાના વાંટડા ગામની સીમમાં ગમખ્વાર અક્સમાત સર્જાયો હતો. વાંટડા ગામની સીમમાં ટોલપ્લાઝા નજીકથી પસાર થતા બાઈક ગાડી નં. જીજે૯-૮૫૯૦નો ચાલક પસાર થઈ રહ્યો હતો ત્યારે સામેથી આવતા સ્કૂલવાન ગાડી નં. જીજે૯બીએ-૮૭૧૨ના ચાલકે સ્કૂલવાનને પૂરઝડપે ગફલતભરી રીતે હંકારી બાઈકને અડફેટે લેતા બાઈકના ચાલક દિગ્વિજયસિંહના શરીરે ગંભીર ઈજાઓ થતાં ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું.

સ્કૂલવાનનો ચાલક વાન મુકી ફરાર થઈ ગયો હતો. અકસ્માતના પગલે વાંટડા ગામના લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. અકસ્માત અંગેની જાણ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશને થતાં તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી અકસ્માતે મોતનો ગુન્હો નોંધી ફરાર વાન ચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# ખેરાલુ ભાજપના અગ્રણી અને સમાજ સેવક કે. સી. પંડ્યાનું નિધન

ઊંઝા, તા.૩૧

તાલુકાના વિઠોડામાં રહેતા અને ખેરાલુ વિધાનસભા ક્ષેત્રમાં ભાજપના જન્મદાતા ગણાતા કનુભાઈ ચુનીલાલ પંડ્યાનું લાંબી માંદગી દરમિયાન શનિવારની મોડી સાંજે નિધન થતાં ભાજપ સંગઠન સહિત તાલુકામાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.

કે.સી. પંડ્યાના હુલામણા નામથી ખ્યાતિ પામેલા જનસંઘના કાર્યકર રહી ચુકેલા કનુભાઈ પંડ્યાએ વર્ષ ૧૯૮૬થી ખેરાલુમાં ભાજપ સંગઠનની રચનાનું કામ સંભાળ્યું હતું. સ્થાનિક અગ્રણી ચંદનસિંહ રાજપુત સહિતને સાથે રાખી તેમણે સૌ પ્રથમ વિસ્તારમાં ભાજપના સભ્યોની નોંધણી કરવાનું બીડુ ઝડપ્યું હતું.

જિલ્લાની સાથે પ્રદેશ ભાજપના મોવડીઓ ખેરાલુના ભીષ્મ પિતામહ કહીં બોલાવતા



હતા. ખેરાલું તાલુકા વિસ્તારમાં ભાજપના સંગઠનની રચના કરનારા આ મોભી છેલ્લા ઘણાં વર્ષથી આંતરડાની બિમારીથી પિડાતા હતા. આ ઉપરાંત તેઓ છેલ્લા એક વર્ષથી તેઓ સતત પથારીવશ હતા. સતત લાંબી બિમારી દરમિયાન શનિવારની મોડી સાંજે તેઓનું નિધન થતાં ભાજપને એક સુકાની ગુમાવવાનો વારો આવ્યો છે.

રવિવારે સવારે તેમની અંતીમયાત્રા નીકળતાં ભાજપના નેતાઓની સાથે ગ્રામજનો અને સ્નેહિજનો મોટી સંખ્યામાં જોડાયા હતા. સિધ્ધપુરના મુક્તિધામ ખાતે તેઓના અંતીમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. અહીં પણ ભાજપના નેતાઓ, કાર્યકરો અને સ્વજનો મોટી સંખ્યામાં હાજર રહી શ્રદ્ધાંજલી પાઠવી હતી. કે. સી પંડ્યાના સન્માનમાં વિઠોડા ગામની શાળાઓએ પણ શ્રધ્ધાંજલી અર્પી હતી.

કનુંભાઈ પંડ્યાના વતન વિઠોડામાં બુધવારે સવારથી બેસણાનું આયોજન કરેલ છે.


**ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડ**

કોર્પોરેટ ઓળખ નંબરઃ L40200GJ1998SGC035188

રજિસ્ટર્ડ ઓફિસઃ જીએસપીસી ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨ ૦૧૦ ટેલી.: +૯૧-૭૯-૬૬૭૦૧૦૦૧

ફેક્સઃ +૯૧-૭૯-૨૩૨૩૬૪૭૭, વેબસાઇટઃ www.gspcgroup.com, ઇમેઇલઃ investors.gspl@gspc.in

**નોટિસ**

**૧. વાર્ષિક સાધારણ સભાઃ**

અહીં નોટિસ આપવામાં આવે છે કે કંપનીની ૧૭મી (સત્તરમી) વાર્ષિક સાધારણ સભા ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૧૫ને ગુરુવારના રોજ બપોરે ૩.૦૦ કલાકે "એસેમ્બલી હોલ", જીએસપીસી ભવન, ઉદ્યોગભવન પાછળ, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨ ૦૧૦ખાતે યોજાશે.

સાધારણ વાર્ષિક સભામાં હાથ ધરવામાં આવનાર સાધારણ અને વિશેષ કામગીરી નક્કી કરતી નોટિસ અને તેની સાથે વિવરણ સંલગ્ન, ૩૧ માર્ચ, ૨૦૧૫ના રોજનું સરવૈયું, તે દિવસે પૂર્ણ થયેલ વર્ષ માટે નફા અને નુકસાનનું નિવેદન, ઓડિટર્સનો અહેવાલ અને ડિરેક્ટર્સ અહેવાલ જે સભ્યોએ ડિપોઝિટરીઝ/આરએન્ડટીએ/કંપની સાથે પોતાના ઈ-મેઈલ આઈડી રજિસ્ટર કરાવેલા છે તે સભ્યોને ઈ-મેઈલ મારફતે મોકલવામાં આવ્યા છે. જે સભ્યો એ તેમના ઈ-મેઈલ આઈડી રજિસ્ટર કરાવ્યા નથી / ૩૦ઓગસ્ટ, ૨૦૧૫ સુધી ભૌતિક નકલ માટે વિશેષ વિનંતી કરેલ છે તે સભ્યોને કૂરિયર મારફતે રવાના કરેલ છે.

કૃપા કરીને નોંધો કે આ દસ્તાવેજો કંપનીની વેબસાઈટ www.gspcgroup.com પર "Investors" વિભાગ હેઠળ અને ઓફિસના કામકાજના કલાકો દરમિયાન ચકાસણી માટે કંપનીની રજિસ્ટર્ડ ઓફિસ પર ઉપલબ્ધ પણ હશે.

**૨. એજીએમ અને ડિવિડન્ડની ચુકવણી માટે બુક બંધઃ**

અહીં એ નોટિસ પણ આપવામાં આવે છે કે કંપની ધારા, ૨૦૧૩ની જોગવાઈ ૯૧ને કંપની (વ્યવસ્થાપન અને વહીવટ) નિયમો, ૨૦૧૪ અને લિસ્ટિંગ સમજૂતીની કલમ ૧૬ સાથે અનુસરતા, કંપનીના સભ્યોનું રજિસ્ટર અને ટ્રાન્સફર બુક ગુરૂવાર, ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ થી ગુરૂવાર, ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૧૫ (બંને દિવસ સહિત) વાર્ષિક સભાની બેઠક અને ડિવિડન્ડની ચુકવણીના હેતુસર બંધ રહેશે. આગામી વાર્ષિક સાધારણ સભામાં જો ડિવિડન્ડ જાહેર થશે તો ગુરુવાર, ૧લી ઓક્ટોબર, ૨૦૧૫ના રોજ કંપનીના સભ્યોને ચુકવવામાં આવશે, જેમના નામ (એ) ઈલેક્ટ્રોનિક સ્વરૂપે શેર હોવાના સંબંધમાં ડિપોઝિટરીઝ દ્વારા રજૂ કરવામાં આવેલી યાદી મુજબ, ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના કામગીરીના કલાકો પૂર્ણ થવાના સમયે લાભાર્થી માલિકો તરીકે હશે; અને (બી) ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ કે અગાઉ ભૌતિક સ્વરૂપે પ્રાપ્ત થયેલા શેરના તમામ માન્ય હસ્તાંતરણની અસર પછી ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ કંપનીના સભ્યો તરીકે નોંધાયેલ હશે.

૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ કે અગાઉ ભૌતિક સ્વરૂપે શેર ધરાવવાના કિસ્સામાં તમામ હસ્તાંતરિત દસ્તાવેજો, સરનામું બદલવાની અરજીઓ, બેંકની વિગતો/આદેશો/એનઈસીએસ આદેશો, પેન કાર્ડની વિગત કંપનીના રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ, મેસર્સ કાર્વી કમ્પ્યુટરશેર પ્રાઈવેટ લિમિટેડ, કાર્વી સેલેનિયમ ટાવર બી, પ્લોટ નંબર ૩૧ અને ૩૨, ગચીબાવલી, ફાઈનાન્શિયલ ડિસ્ટ્રિક્ટ, નાનાકામગુડા, સેરિલિંગમપલ્લી, હૈદરાબાદ – ૫૦૦ ૦૦૮ ખાતે મોકલી આપવાના રહેશે. ઈલેક્ટ્રોનિક સ્વરૂપે શેર હોવાના સંબંધમાં ઉપરોક્ત વિગતો સમયસર સભ્યો દ્વારા સહભાગી ડિપોઝિટરીને મોકલી આપવી.

**૩. ઇલેક્ટ્રોનિક પદ્ધતિ મારફતે મતદાનઃ**

કંપની ધારા, ૨૦૧૩ની કલમ ૧૦૮ને સુધારો કર્યા મુજબ કંપની (વ્યવસ્થાપન અને વહીવટ) નિયમો, ૨૦૧૪ના નિયમ ૨૦ અને લિસ્ટિંગ સમજૂતીની કલમ ૩૫બી સાથે વાંચવા અનુસાર, કંપની તેની વાર્ષિક સાધારણ સભાની નોટિસમાં નિશ્ચિત કરાયેલા તમામ ઠરાવો પર મતદાન કરવા તેના સભ્યોને તેમના મતદાનના અધિકારનો ઉપયોગ કરવાની સુવિધા પ્રદાન કરીને આનંદ અનુભવે છે. સભ્યો સભાના સ્થળથી અલગ સ્થાનેથી ઈલેક્ટ્રોનિક મતદાન વ્યવસ્થાનો ઉપયોગ કરીને તેમના મતો આપી શકી છે ("દૂરસ્થ ઈ-મતદાન"). કંપનીએ ઈ-મતદાન સુવિધાઓ પ્રદાન કરવા મેસર્સ કાર્વી કમ્પ્યુટરશેર પ્રાઈવેટ લિમિટેડ કે "કાર્વી"ની સેવાઓ લીધી છે.

સભ્યોને સભાના આયોજનની નોટિસની નકલ સાથે દૂરસ્થ ઈ-મતદાન એટલે કે યુઝર આઈડી અને પાસવર્ડની વિગત જે સભ્યોએ ડિપોઝિટરીઝ/આરએન્ડટીએ/કંપની સાથે પોતાના ઈ-મેઈલ આઈડી રજિસ્ટર કરાવેલા છે તે સભ્યોને ઈ-મેઈલ મારફતે મોકલવામાં આવ્યા છે અને જે સભ્યો એ તેમના ઈ-મેઈલ આઈડી રજીસ્ટર કરાવ્યા નથી તે સભ્યોને કૂરિયર મારફતે રવાના કરેલ છે.

**કંપની ધારા, ૨૦૧૩ની જોગવાઈઓ અને નિયમો અનુસાર વિગતો નીચે મુજબ છેઃ**

- ઈ-મતદાન શરૂ થવાની તારીખ અને સમયઃ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૧૫, સોમવાર, સવારે ૯.૦૦ (ભારતીય પ્રમાણભૂત સમય).
- ઈ-મતદાન પૂર્ણ થવની તારીખ અને સમયઃ ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૧૫, બુધવાર, સાંજે ૫.૦૦ (ભારતીય પ્રમાણભૂત સમય).
- દૂરસ્થ ઈ-મતદાન કથિત તારીખ અને સમય પછી દૂરસ્થ ઈ-મતદાનની મંજૂરી આપવામાં નહીં આવે.
- ઈ-મતદાનનો અધિકાર મેળવવા માટે કટ-ઓફ ડેટ ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ છે.
- કટ-ઓફ ડેટ એટલે કે ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ સભ્યો/લાભાર્થી માલિકો તરીકે પત્રકમાં નામ સામેલ હોય તે વ્યક્તિ જ દૂરસ્થ ઈ-મતદાનની સુવિધાનો લાભ મેળવવાને અને સભામાં મતદાન કરવાને પાત્ર બનશે.
- કટ-ઓફ ડેટ એટલે કે ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ શેર ધરાવતા અને બેઠકની નોટિસ રવાના થયા પછી કંપનીના સભ્ય બનેલી કોઈ પણ વ્યક્તિ evoting@karvy.com પર વિનંતી મોકલીને યુઝર આઈડી અને પાસવર્ડ મેળવી શકે છે. યુઝર આઈડી અને પાસવર્ડ મેળવવાની વિસ્તૃત પ્રક્રિયા બેઠકની નોટિસમાં પણ પ્રદાન કરવામાં આવી છે, જે કંપનીની વેબસાઈટ અને કાર્વીની વેબસાઈટ પર ઉપલબ્ધ છે. જો સભ્ય ઈ-મતદાન માટે કાર્વી સાથે રજિસ્ટર્ડ હોય, તો તે/તેણી તેમના વર્તમાન યુઝર આઈડી અને પાસવર્ડનો ઉપયોગ દૂરસ્થ ઈ-મતદાન મારફતે મત આપવા કરી શકે છે.
- દૂરસ્થ ઈ-મતદાન દ્વારા મતદાન કરનાર સભ્યો સભામાં હાજરી આપી શકશે, પણ તેમનો મત ફરી આપી નહીં શકે.
- મતદાન માટેની સુવિધા સભામાં ઉપલબ્ધ કરાવવામાં આવશે અને દૂરસ્થ ઈ-મતદાન દ્વારા તેમનો મત નહીં આપનાર સભામાં હાજર સભ્યો ચૂંટણી મારફતે બેઠકમાં મત આપી શકશે.
- ૧૭મી વાર્ષિક સાધારણ સભાની નોટિસ કંપનીની વેબસાઈટ www.gspcgroup.com પર "Investors" વિભાગ હેઠળ અને કાર્વીની વેબસાઈટ https://evoting.karvy.com પર પણ ઉપલબ્ધ હશે.
- ઈલેક્ટ્રોનિક મતદાન સૂચનાઓ માટે સભ્યો શેરધારકો માટે અવારનવાર પૂછાતાં પ્રશ્નો (એફએક્યુ) અને https://evoting.karvy.com ના ડાઉનલોડ વિભાગમાં ઉપલબ્ધ શેરધારકો માટે ઈ-મતદાન યુઝર મેન્યુઅલમાં જોઈ શકે છે.

ઈ-મતદાનના સંબંધમાં કોઈ પણ પૂછપરછ/ફરિયાદો માટે સભ્યો શ્રી શ્રીકિષ્ન પેમ્મારાજુ, મેનેજર – કોર્પોરેટ રજિસ્ટ્રી, મેસર્સ કાર્વી કમ્પ્યુટર શેર પ્રાઈવેટ લિમિટેડ, કાર્વી સેલેનિયમ ટાવર બી, પ્લોટ નંબર ૩૧ અને ૩૨, ગચીબાવલી, ફાઈનાન્શિયલ ડિસ્ટ્રિક્ટ, નાનાકામગુડા, સેરિલિંગમપલ્લી, હૈદરાબાદ – ૫૦૦૦૦૮, ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૩૪૫ ૪૦૦૧. ઈ-મેઈલ આઈડીઃ evoting@karvy.com નો સંપર્ક કરી શકશે.

સભામાં હાજરી આપવાનો અને મતદાન કરવાનો અધિકાર ધરાવતા કોઈ પણ સભ્યો તેમના વતી હાજરી આપવા અને મતદાન કરવા પ્રતિનિધિની નિમણૂંક કરવાનો અધિકાર ધરાવે છે અને પ્રતિનિધિ કંપનીના સભ્ય હોય તે જરૂરી નથી. પ્રતિનિધિની નિમણૂકને માન્ય કરતું ઉપકરણ કંપનીની કોર્પોરેટ ઓફિસ જીએસપીએલ ભવન, ઈ-૧૮, જીઆઈડીસી ઈલેક્ટ્રોનિક એસ્ટેટ, સેક્ટર-૨૬, ગાંધીનગર – ૩૮૨૦૨૮ પર સભા શરૂ થાય તેના ૪૮ કલાક પહેલાં જમા કરવુ જોઈએ.

ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડ વતી
સહી
રીના દેસાઈ
કંપની સેક્રેટરી

સ્થળઃ ગાંધીનગર
તારીખઃ ૩૧ ઓગસ્ટ, ૨૦૧૫